# રાષ્ટ્રપતિ પદ માટે સર્વસંમતિ સાધવાના પ્રયાસો

## કરુણાનિધી સાથે એન્ટોનીની લાંબી મંત્રણા : રાષ્ટ્રપતિ પાટિલ ૨૫મી જુલાઈએ નિવૃત થનાર છે જેથી આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને કવાયત શરૂ કરાઈ

ચેન્નાઈ,તા. ૨૯

કોંગ્રેસના નેતા અને સંરક્ષણ મંત્રી એકે એન્ટોની રાષ્ટ્રપતિ ચૂંટણીને લઈને યૂપીએના ઘટકપક્ષો વચ્ચે સહમતિ સ્થાપિત કરવાના ભાગરૂપે આજે ડીએમકેના નેતા કરુણાનિધીને મળ્યા હતા. કરુણાનિધીની સાથે વાતચીત ખૂબ જ સફળ રહી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ આગામી ૨૫મી જુલાઈની દિવસે નિવૃત થઈ રહ્યા છે આવી સ્થિતિમાં આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને કવાયત શરૂ થઈ ગઈ છે. કરુણાનિધીની સાથે એક કલાક સુધી વાતચીત કર્યા બાદ એન્ટોનીએ પત્રકારો સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના મત અંગે કરુણાનિધીને વાકેફ કરવામાં આવ્યા છે. કરુણાનિધી સાથે શુ વાતચીત થઈ છે તે અંગે માહિતી આપવાનો ઈન્કાર કરતા તેમણે કહ્યુ હતુ કે આ વાતચીત ખૂબ જ ઉપયોગી રહી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આજે જે વાતચીત થઈ છે તે વાતચીતની માહિતી સોનિયા ગાંધીને આપશે. એન્ટોનીના જણાવ્યા મુજબ સોનિયા ગાંધીએ કરુણાનિધી સાથે વર્તમાન રાજકીય સ્થિતિ પર ચર્ચા કરવા કહેવામાં આવ્યુ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેમની વચ્ચે કયા મુદ્દે ચર્ચા થઈ છે તે અંગે વાત કરવા માંગતા નથી. એન્ટોનીએ એમ



પણ કહ્યુ હતુ કે કરુણાનિધી દેશના સૌથી વરિષ્ઠ નેતાઓ પૈકી એક છે. અમે હમેંશા તેમની સલાહને મહત્વ આપીએ છીએ. બંને નેતીઓની વાતચીત દરમિયાન ડીએમકેના સંસદીય પક્ષીય નેતા ટીઆર બાલુ અને કરુણાનિધીના સાંસદ પુત્રી કાનિમોઝી પણ ઉપસ્થિત હતા. કૃષિ પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા શરદ પવાર સાથે વાતચીત થયા બાદ એન્ટોની અને કરુણાનિધી વચ્ચે વાતચીત થઈ છે. કોંગ્રેસી સૂત્રોએ કહ્યુ છે કે સોનિયા ગાંધી અને તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી વચ્ચે પણ વાતચીત થઈ શકે છે. રાષ્ટ્રપતિની ચૂટણીને લઈને તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસના નેતૃત્વમાં યૂપીએ પાસે પૂરતી સંખ્યામાં સભ્યો નથી જેથી તે પોતાના પંસદગીના ઉમેદવારને ચૂટણીમાં જીત અપાવી શકે તેવી સ્થિતિમાં નથી. જેથી સર્વસંમતિ સાધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

## ઉત્તર પ્રદેશમાં બે બસ ટકરાતા ૨૫ના મોત, અન્ય ૨૫ ઘાયલ

ગોરખપુર,તા. ૨૯

ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં આજે સવારે બે બસ સામ સામે ટકરાઈ જતા ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થયા છે. અને આશરે ૨૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેથી આ અકસ્માતમાં મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. મળેલી માહિતી મુજબ આ દુર્ઘટના સરકારી અને ખાનગી બસ વચ્ચે જોરદાર ટક્કરના કારણે થઈ હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ચિલુઆટાલ પોલીસ સ્ટેશન વિસ્તારના માણીરામ વિસ્તારમાં આ દુર્ઘટના થઈ હતી. મળેલી માહિતી મુજબ ખાનગી બસ ગોરખપુરથી સિનોવલી તરફ જઈ રહી હતી. જ્યારે બીજી બસ ગોરખપુર તરફ આવી રહી હતી. બંને બસોંની ગતિ ખૂબ વધારે હોવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ડ્રાઈવર બસ ઉપર કાબૂ રાખી શક્યા ન હતા. બસ અકસ્માતમાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા તમામ ૨૫ લોકોને ગોરખપુર મેડીકલ કોલેજ અને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક પોલીસ અધિકારીએ કહ્યુ છે કે મૃતકોંની સંખ્યા વધી શકે છે. માર્યા ગયેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસ ગમખ્વાર અકસ્માતના મામલામાં તપાસ કરી રહી છે. બનાવની જાણ થતા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

## લક્ષ્મી મિત્તલ બ્રિટનના સૌથી અમીર લોકોની યાદીમાં પ્રથમ

લંડન,તા. ૨૯

ભારતીય સ્ટીલ સમ્રાટ લક્ષ્મી મિત્તલ અને તેમના પરિવારે સતત સાતમા વર્ષે બ્રિટનના સૌથી અમીર પરિવાર તરીકે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી છે. લક્ષ્મી મિત્તલ બ્રિટનના સૌથી અમીર લોકોની યાદીમાં પ્રથમ સ્થાને છે. દેશના ૧૦૦૦ સૌથી અમીર વ્યક્તિગત લોકોની સંયુક્ત સંપત્તિ પણ મંદીને ફગાવી દઈને રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી છે. મિત્તલે સૌથી અમીર વ્યક્તિ તરીકેના તાજને જાળવી રાખવામાં સફળતા મેળવી છે. તેમની સંપત્તિમાં પણ મંદીના ગાળા દરમિયાન ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ૬૧ વર્ષીય મિત્તલ અને તેમના પરિવારની સંપત્તિ ૪૮૧૪ મિલિયન પાઉન્ડ સુધી ઘટી છે. પરંતુ તેઓ ૧૨.૭ અબજ પાઉન્ડની રકમ સાથે બ્રિટનમાં પહેલા સ્થાન ઉપર છે. સંડે ટાઈમ્સના સૌથી અમીર લોકોની યાદીમાં લક્ષ્મી મિત્તલ પ્રથમ સ્થાન ઉપર છે. સૌથી અમીર લોકોની યાદી વાર્ષિક રીતે જારી કરવામાં આવેલ છે. જેમાં બ્રિટનના સૌથી અમીર વ્યક્તિગત લોકોની યાદી પ્રકાશિત કરવામાં આવે છે. મિત્તલ રશિયાના આઈરન ઓર સમ્રાટ એલિસર ઉસ્માનોવથી



આગળ છે. ઉસ્માનોવ ૧૨.૩ અબજ પાઉન્ડની રકમ સાથે બીજા સ્થાન ઉપર છે. ભારતીય મૂળના ઉદ્યોગપતિ બંધુ શ્રીચંદ અને ગોપીચંદ હિંદુજા પણ યાદીમાં ચોથા સ્થાન ઉપર છે. તેમની સંપત્તિ ૮.૬ અબજ પાઉન્ડ જેટલી છે. સંડે ટાઈમ્સે એડવાન્સમાં આ યાદી જારી કરી દીધી હતી. અખબારના સંશોધનમાં જણાવવામાં આવ્યુ છે કે ગયા વર્ષે અમીર વ્યક્તિ વધુ અમીર બની છે. વૈશ્વિક મંદી હોવાછતા દેશના એક હજાર સૌથી અમીર લોકોની સંયુક્ત સંપત્તિ ૪૧૪ અબજ પાઉન્ડ હતી જે ગયા વર્ષ કરતા ૪.૭ ટકા વધી છે. અમીર લોકોની યાદીમાં ફિલીપ બેરેસફોર્ડ માહિતી આપતા કહ્યુ છે કે કરકસરના મૂશ્કેલ રૂપ તબક્કામાં પણ અમીર લોકો સંપત્તિને વધારવામાં સફળ રહ્યા છે. યાદીમાં અબજોપતિની સંખ્યા ૭૭ છે. ટોચના ૧૦૦૦ લોકોની યાદીમાં સ્થાન મેળવવા માટે વ્યક્તિગતોને ઓછામાં ઓછી ૭૨ મિલિયન પાઉન્ડની રકમ ઉભી કરવી પડે છે. મિત્તલ અને ઉસ્માનોવ બાદ યાદીના ત્રીજા સ્થાન પર ચેલ્સીના માલિક અને ઓઈલ સમ્રાટ રોમાન અબ્રા મોવિચ છે. તેમની સંપત્તિ ૯.૫ અબજ પાઉન્ડ છે.

## દેશની આશરે ૬૫ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે

નવી દિલ્હી,તા. ૨૯

ગયા વર્ષે આયોજન પંચે ગરીબી રેખા માટે જે માપદંડ નક્કી કર્યા હતા તેને લઈને ભારે હોબાળો થયો હતો. આયોજન પંચે એ વખતે કહ્યું હતું કે શહેરોમાં દરરોજ ૨૮.૬૫ અને ગામોમાં દરરોજ ૨૨.૪૨ રૂપિયા થી વધુની કમાણી કરનાર વ્યક્તિને ગરીબી રેખાથી નીચે ગણી શકાય નહી. હવે નેશનલ સેમ્પલ સર્વે ૨૦૦૯-૧૦ના આંકડાથી એક નવી ચર્ચા છેડાઈ ગઈ છે. આમાં જણાવવામાં આવ્યું છે કે જો જીવવા માટે જરૂરી માસિક ખર્ચને આધાર માનવામાં આવે તો શહેરોમાં જે લોકો દરરોજ ૬૬.૧૦ રૂપિયાથી ઓછી કમાણી કરી છે તે લોકોને ગરીબ ગણવામાં આવી શકે છે. આવી જ રીતે ગામોમાં પ્રતિદિન ૩૫.૧૦થી ઓછી કમાણી કરનારને ગરીબ કહી શકાય છે. એનઓસએસઓના નવા આંકડા આશ્ચર્ય સર્જે તેવા છે. તેના આંકડા મુજબ દેશના ગામોમાં લોકોનો સરેરાશ માસિક ખર્ચ ૧૦૫૪ અને શહેરોમાં સરેરાશ માસિક ખર્ચ ૧૯૮૪ રૂપિયા છે. આવી જ રીતે ગામોમાં રહેનાર માટે દરરોજ ૩૫.૧૦ અને શહેરોમાં જીવન જીવનાર માટે દરરોજ ૬૬.૧૦ રૂપિયાની જરૂર છે. જો આને આધાર તરીકે ગણવામાં આવે તો ગામમાં રહેનાર ૬૪.૪૭ ટકા વસ્તી અને શહેરોમાં રહેનાર ૬૬.૭૦ ટકા વસ્તી આ સરેરાશ ધારાધોરણ કરતા નીચે છે.

## સચિન મામલે કોંગ્રેસે ડર્ટી રમત રમી છે : બાલ ઠાકરે

નવી દિલ્હી,તા. ૨૯

શિવસેનાએ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના મામલે ચાલી રહેલી રાજકીય રમત અંગે પોતાની આકરી પ્રતિક્રિયા આપી છે. રાજ્યસભા માટે સચિન તેંડુલકરની નોમિનેશન મામલે કોંગ્રેસની આકરી પ્રતિક્રિયા કરતા શિવસેનાના વડા બાલ ઠાકરે કહ્યુ છે કે સચિનને લઈને કોંગ્રેસ ડર્ટી રમત રમી રહી છે. બાલ ઠાકરેએ એમ પણ કહ્યુ હતુ કે સચિનને લઈને કોંગ્રેસની નવી ડર્ટી ફિલ્મ બની રહી છે. એક અગ્રણી ટીવી ચેનલના જણાવ્યા મુજબ બાલ ઠાકરેએ એમ પણ કહ્યુ છે કે સચિન જેવા મહાન ખેલાડીને રાજકીટ હથિયાર બનાવવાની જરૂર નથી. તેમણે ઉમેર્યુ હતુ કે સચિન રાજકારણથી ઉપર છે. સચિનને સન્માનિત કરવા માંગે છે તો ભારત રત્ન આપવાની જરૂર છે. અમે આ માંગ કરી પણ ચુક્યા છે. મહારાષ્ટ્ર સરકાર પણ આની ભલામણ કરી ચૂકી છે.

## બોફોર્સ કાંડના એજન્ટોની સતત અવગણનાનો સંઘે કરેલો દાવો

નવી દિલ્હી,તા. ૨૯

રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘે (આરએસએસ) કહ્યુ છે કે બોફોર્સ કટકી મામલામાં એક પછી એક દરેક સરકારને કોણ દોષિત છે તે તેની માહિતી હતી પરંતુ માહિતી હોવા છતા આ બાબત તરફ જાણીજોઈને ધ્યાન આપવામાં આવ્યુ ન હતુ. બોફોર્સના એજન્ટોંની દરેક સરકારે અવગણના કરી હતી. અને તેમની તરફ ઉદાસિન વલણ અપનાવ્યુ હતુ. સંઘે આક્ષેપ કર્યો છે કે આ મામલમાં ભારતની રાજકીય પાર્ટીઓ પારસ્પરિક મજબૂત એકમત ધરાવે છે. એત્રે ઉલ્લેખનીય છે કે આ ગાળા દરમિયાન છ વર્ષ સુધી આરએસએસ સાથે સંકળાયેલા ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએ સરકાર પણ સત્તામાં હતી. બોફોર્સ તોપ સોદાબાજીની ઘટનનાછ વર્ષ સુધી એટલે કે વર્ષ ૧૯૯૮થી ૨૦૦૪ સુધી એનડીએ સરકાર સત્તમાં હતી. છતાં કોઈ પગલા લેવાયા ન હતા. સંઘની આ ટિપ્પણીને ખૂબ જ



મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે ભાજપ પ્રત્યે નારાજગી આમા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. બોફોર્સ તોપ સોદાબાજી બાદ સીબીઆઈના ૧૬ ડિરેક્ટર થયા હતા પરંતુ તેમાથી કોઈએ પણ એક પણ વખત કેસ અંગે કઈપણ કહ્યુ ન હતુ. આમાં જણાવવામાં આવ્યુ છે કે આ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ દેશમાં અનેક બિન કોંગ્રેસી સરકાર પણ આવી હતી. પરંતુ કોઈપણ સરકાર આ કેસને અંજામ સુધી લઈ જવામાં સફળ રહી ન હતી. સંઘે દુખ વ્યક્ત કરતા કહ્યુ છે કે ફિલીપાઈન્સ અને બાંગ્લાદેશ જેવા નાના દેશોએ સત્તાનો દુરુપયોગ કરનાર ઈરશાદ અને માર્કોસ જેવા શાસકોને સજા આપી છે. પરંતુ ભારતમાં નેતાઓની સામે આકરી સજા કરવામાં આવી નથી. બોફોર્સ તોપ સોદાબાજી મામલામાં રાજીવ ગાંધીનુ નામ પણ આવ્યુ હતુ. આ મામલામાં સોનિયાગાંધીના નામનુ ઉલ્લેખ નથી. મુખ પત્રમાં જણાવવામા આવ્યુ છે જે રીતે હેરી પોટર સીરીજમાં એક પાત્ર અંગે નક્કી કરી લેવામાં આવ્યુ છે કે તે એ મહિલા છે જેના નામનો ઉલ્લેખ થવો જોઈએ નહી.

## દિલ્હીમાં દરરોજ ૧૪ બાળકો લાપતા થાય છે

નવી દિલ્હી,તા. ૨૯

રાષ્ટ્રી પાટનગર દિલ્હીમાં દરરોજ ૧૪ બાળકો લાપતા થઈ રહ્યા છે. લાપતા થઈ રહેલા બાળકોનો આંકડો ચિંતાજનક બની રહ્યો છે. આંકડા દર્શાવે છે કે આવા કેસોના મામલામાં રાષ્ટ્રીય પાટનગર આગળ છે. દિલ્હી પહેલાથી જ રેપ કેપિટલ તરીકેની છાપ ધરાવે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અપહરણ કરવામાં આવેલા મોટા બાળકોને મજૂરી કામ કરાવવાની ફરજ પાડવામાં આવે છે સાથે સાથે વાણિજ્ય રીતે જાતિ અત્યાચાર અને શોષણ કરવામાં આવે છે. ડ્રગ્સના કારોબારમાં પણ મૂકી દેવામાં આવે છે. દિલ્હી પોલીસે આ મહિનામાં લાપતા થયેલા ૭૦૦ બાળકોને છેલ્લા ત્રણ મહિનામાં શોધી કાઢ્યા છે.

## ડીઓપીએ દેશભરમાં એક હજાર એટીએમની રચના કરવાનો કરેલો નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૯

ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ (ડીઓપી)એ આધુનિકીકરણની યોજનાના ભાગરૂપે દેશભરમાં એક હજાર ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ)ની રચના કરવાનો નિર્ણય કર્યો છે આના માટેની તૈયારી પણ કરી લેવામાં આવી છે. દુરસંચાર અને આઈપ્રધાન સચિન પાયલોટે આજે આ મુજબની માહિતી આપી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ (ડીઓપી) એક હજાર એટીએમ અને ૮૨૦ હેડઓફિસ સ્થાપિત કરવા માગે છે. આ એટીએમ સ્થાપિત કરવા માટે જગ્યા શોધી કાઢવામાં આવી છે, બાકીની ૧૮૦ પોસ્ટ ઓફિસ માટે અમલીકરણના તબક્કા દરમિયાન ઓળખ કરવામાં આવશે. પાયલોટે આ અંગેની માહિતી આપતા જણાવ્યુ હતુ કે ડીઓપી આધુનીકીકરણની યોજના સાથે ઝડપથી આગળ વધવા માંગે છે. એટીએમ સ્થાપિત કરવા માટે પસંદ કરવામાં આવેલી હેડઓફિસ તમામ રાજ્યોમાં હશે. આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૧૦૦ એટીએમ સ્થાપિત કરાશે. જ્યારે તમિલનાડુમાં ૯૨ અને ઉત્તરપ્રદેશમાં ૭૩ એટીએમ સ્થાપિત કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં ૬, કર્ણાટમાં ૬૦, કેરળમાં ૫૧ અને રાજસ્થાનમાં ૫૧ એટીએમ સ્થાપિત કરવામાં આવશે. ડીઓપીએ આધુનિકીકરણની યોજનાના ભાગરૂપે ૨૪૯૬૭ પોસ્ટઓફિસને કોમ્પ્યુટરાઈઝડ કરી દીધી છે. ડીઓપીએ પાંચ મોટી ટેકનોલોજી



કંપનીઓ પણ પસંદ કરી છે. તેના ટેકનોલોજી એડવાન્સ મેન્ટ પ્રોજેક્ટ માટે પાંચ મોટી કંપનીની પંસદગી કરવામાં આવી છે. ડીઓપી દ્વારા તેના નેટવર્કને ફેલાવવા માટે જંગી નાણા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. ડીઓપીએ આ પ્રોજેક્ટ ઉપર બે વર્ષના ગાળામાં ૧૮૭૭.૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ઉપરાંત જરૂર ઉભી થશે તો વધુ ફંડ મેળવવામાં આવશે. ડીઓપી ૨૦૧૩ સુધી દેશભરમાં તમામ ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસને કોમ્પ્યુટરાઈઝડ કરી દેવાની યોજના ધરાવે છે.

# હોલીવુડી એક્શન્સ અને બોલીવુડી ઇમોશન્સની ભેળસેળ : તેઝ


*હિન્દી સિનેમાના ૧૦૦ વર્ષ ઉજવાઈ રહ્યા છે ત્યારે હિન્દી ફિલ્મો અંગ્રેજી ફિલ્મોની બરોબરીની બનાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. વિદેશના ટૅકનિશિયનોની મદદ લઈને હિન્દી ફિલ્મો બનાવવાની પરંપરા આજકાલની નથી, છતાં હમણાં-હમણાંથી હિન્દી ફિલ્મોમાં થોડા-ઘણાં ભારતીય ઈમોશન્સ ઉમેરીને એકશન સીન અંગ્રેજી ફિલ્મો જેવા કરવાના કરતબ દેખાડાય છે. દક્ષિણ ભારતીય દિગ્દર્શક જે હવે માત્ર દક્ષિણના નથી રહ્યા એવા પ્રિયદર્શનની ફિલ્મ 'તેઝ' આવી જ ભારતીય ઈમોશન્સ અને ઈંગ્લિશ એક્શન્સ વાળી મિશ્ર ફિલ્મ છે.*

*હૉલીવુડની ફિલ્મ જેવી આ ફિલ્મ જેમ્સ કેમેરોન ટાઈપ ફિલ્મો જેવો લૂક ધરાવે છે એવું તો ખૂદ ડાયરેકટર પ્રિયદર્શન સ્વીકારે છે. બાકી આમ જોવા જઈએ તો અજય દેવગણ, અનિલ કપૂર, ઝાયેદ ખાન, મોહનલાલ, બૉમન ઈરાની, કંગના રાણાવત, સમીરા રેડ્ડી અને 'માન ન માન મૈં તેરી આઈટમ ગર્લ' જેવી મલ્લિકા શેરાવત સાથેની ફિલ્મ 'તેઝ' અંગ્રેજી ફિલ્મો 'અનસ્ટૉપેબલ' અને 'ધી ટેકીંગ ઑફ મેહામા ૧૨૩' ની સારી એવી નકલ જેવી છે.*

*હૉલીવુડની ફિલ્મ 'સ્પીડ'માં જેમ સ્કૂલ બસમાં મુકાયેલો બૉમ્બ બસની સ્પીડ સાથે કનેકટેડ હોય છે. અદલ એમ જ 'તેઝ' માં પ્રિયદર્શન ભાઈએ લંડનથી ગ્લાસગો જતી ટ્રેનમાં બૉમ્બ હોવાની વાત સાથે ફિલ્મની શરૂઆત કરી છે. ટ્રેન ૬૦ની સ્પીડથી નીચી જાય એટલે બૉમ્બ વિસ્ફોટ થઈ જાય. આ આતંકવાદના વિષયને લઈને બનેલી ફિલ્મ નથી. પરિવારના ભરણ પોષણ માટે અથવા તો અન્ય કોઈ અનિવાર્ય સંજોગોને લઈને ગેરકાયદેસર રીતે લંડનમાં રહેતા ભારતીયો કે અન્ય દેશોના લોકો ઈમીગ્રેશનના પ્રશ્ને કેટલા પરેશાન છે અને તેમની સાથે વિદેશમાં જે પ્રકારનો વર્તાવ થાય છે તેની વાત 'તેઝ' માં છે. અજય દેવણ, સમીરા રેડ્ડી અને ઝાયેદ ખાન આમ સમદુઃખિયા છે. લંડનમાં ગેરકાયદે રહેતા આ લોકો અપમાનિત થાય છે અને તેનો બદલો લેવા આતંકવાદીઓ જેવા ઉપાયો વિચારે છે. 'આચરે છે' કહેવું ઠીક નથી એટલે માત્ર 'વિચારે છે' એમ કહી શકાય. બ્રિટીશ સરકાર પાસેથી મોટી રકમની માંગણી કરે છે.*

*ભારતીય મૂળનો ઈન્ટેલિજન્સ ઑફિસર અનિલ કપૂર આમ તો બ્રિટીશ સરકારની નોકરીમાંથી નિવૃત્ત થાય છે, પરન્તુ ઍન્ટી ટેરરીઝમમાં માહીર હોવાથી બ્રિટીશ સરકાર આ સમસ્યા પૂરતો તેનો સહકાર માગે છે. બૉમન ઈરાની પણ લંડન રેલવેના ટ્રાફિક નિયમન તંત્રનો વડો છે, અને હા સાઉથના લોકપ્રિય અભિનેતા મોહનલાલ પણ લંડન પોલીસના ઑફિસર છે. આમ વાત બ્રિટીનમાં ગેરકાયદે વસતાં ભારતીયો સાથે થતા ગેરવર્તાવની છે અને બ્રિટીશ સરકાર સામે આવેલી આ સમસ્યાનો સામનો કરી રહેલાં બધા જાંબાઝ ઑફિસરો પણ ભારતીય છે...! કેવો યોગાનુયોગ...! વાહ દિગ્દર્શક!!!!*

*અનિલ કપૂરને અજય દેવગણ સુધી પહોંચતા સુધીમાં બધા પ્રકારના વાહનોની ચેઝ*




*આવી જાય છે. ટ્રેનમાં મુકેલો બૉમ્બ તમને 'ધી બર્નીંગ ટ્રેન' ની યાદ અપાવે છે. પછી મોટર સાયકલ કાર, વૉટર સ્કૂટર, હેલિકૉપ્ટર, ટ્રેન, અને રનીંગ... બધા જ પ્રકારની ચેઝના એક-એક સીન. સમીરા રેડ્ડી તથા કંગના રાણાવતને કારણે ઉદ્ભવતા અને ભાવહિન લાગતા 'ભાવવાહી' દ્દશ્યો એટલે 'તેઝ.' ફિલ્મની વાર્તા કરતાં દિગ્દર્શક તરીકે પ્રિયદર્શનની ટ્રીટમેન્ટ, વિદેશી ટૅકનિશિયનોની મદદથી ફિલ્માવાયેલા દિલધડક દશ્યો અને સંદિપ ચૌટાના બૅક ગ્રાઉન્ડ મ્યુઝિક ઉપરાંત અનિલ કપૂર - અજય દેવગણ જેવા સારા અભિનેતાઓને કારણે ફિલ્મ સહન થઈ શકે છે.*

*મૂળ દક્ષિણ ભારતીય કહેવાય એવા પીઠ દિગ્દર્શક પ્રિયદર્શને કુલ્લે ૮૪ ફિલ્મો બનાવી છે, તે પૈકીની ૩૦ ફિલ્મો તો હિન્દી છે. આમ છતાં થ્રીલર કહી શકાય તેવી આ તેમની પહેલી ફિલ્મ છે. છેલ્લે 'ખટ્ટા મીઠ્ઠા' અને 'આક્રોશ' તેમની રિલીઝ થયેલી અને ફલૉપ ઠરેલી ફિલ્મો છે. આવા બૅકગ્રાઉન્ડ પછીની તેમની 'તેઝ' માં તાજગી વર્તાય છે. પરન્તુ ઈમોશન્સનો અભાવ નડે છે. વિદેશી ટૅકનિશિયનોની મદદથી ભજવાયેલા એકશન સીન ચોક્કસ અસરકારક છે પરન્તુ ઘણીવાર જરૂર કરતાં વધારે લાંબા પણ લાગે છે. વિદેશી સ્ટન્ટમેન્સ આને એકશન ડાયરેકટર્સ સલામતી - સેફટીને વધુ મહત્ત્વ આપતા હોવાથી જે દશ્યો પાંચ દિવસમાં શૂટ થઈ જાય તે માટે ૩૦ થી ૪૦ દિવસ બગડ્યા છે, એમ પ્રિયદર્શન સ્વયં કહે છે.*




*એટલે પણ ફિલ્મના નિર્માણમાં ખાસ્સો એકાદ - વર્ષ જેટલો સમય નિકળી ગયો. આ દરમિયાન આવા જ પ્રકારની બે ફિલ્મો; 'પ્લેયર્સ' અને 'એજન્ટ વિનોદ' આવી ગઈ; એટલે પણ 'તેઝ' એટલી તાજી ન રહી. અગાઉ આપણે વાત કરી તેમ આ ફિલ્મ ટ્રેનની સ્પીડ સાથે જોડાયેલા બૉમ્બ વિસ્ફોટની વાત સાથે શરૂ થાય છે. હૉલીવુડની ટવેન્ટીએથ સૅન્ચ્યુરી ફૉક્સની સાન્ડ્રા બુલોક વાળી ફિલ્મ 'સ્પીડ' માં બસની સ્પીડ સાથે જોડાયેલા બૉમ્બની વાત હતી. એટલે આ ફિલ્મના શૂટીંગ વખતે ટવેન્ટીએથ સેન્ચ્યુરી ફૉક્સવાળાઓએ પ્રિયદર્શન અને નિર્માતા રતન જૈનની સ્પષ્ટતા પણ માગી હતી કે, તેમની ફિલ્મ 'સ્પીડ'ની કૉપી તો નથી ને. આમ આ ફિલ્મ બીજી ઘણી બધી ફિલ્મો જેવી છે એટલે 'સર્વે દિશાઓથી અમને શુભ પ્રાપ્ત થાઓ...' એ સુભાષિતને દિગ્દર્શક પ્રિયદર્શને ચરિતાર્થ કર્યું છે...!*

*અનિલ કપૂર અને અજય દેવગણની અભિનયની પોતાની આગવી સ્ટાઈલ છે. અજય દેવગણ કોઈ પણ ભૂમિકામાં એક સરખો અજય દેવગણ જ હોય. એને ઑફર થતી ભૂમિકાઓ પણ એવી જ હોય છે કે એ અજય દેવગણ જ રહી શકે. અનિલ કપૂરનું પણ થોડા ઘણા અંશે એવું જ છે. દક્ષિણ ભારતીય પીઢ કલાકાર મોહનલાલ દિગ્દર્શક પ્રિયદર્શનના બાળપણના મિત્ર છે અને એકમેકની કારકિર્દી ઘડવામાં એકમેકનું યોગદાન છે એ નાતે મોહનલાલે આ ફિલ્મમાં 'મહેમાન કલાકાર' કહી શકાય એવી નાનકડી ભૂમિકા કરી છે. બૉમન ઈરાની બધી જ ફિલ્મોની જેમ આ ફિલ્મમાં પણ પોતાની હાજરીની નોંધ લેવડાવી શક્યા છે. ટી.વી. રસિયા પ્રેક્ષકોને આનંદ આવે એમ 'બાલિકા વધુ' ની આનંદી - અવિકા ગોર પણ બૉમન ઈરાનીની દીકરીની નાની ભૂમિકામાં છે. ઝાયેદ ખાન અને કંગના રાણાવત ફાળે આવેલું કામ સારી રીતે ભજવી ગયા છે. સમીરા રેડ્ડીએ બાઈકના સ્ટન્ટમાં સારી મહેનત કરી હોય એવું લાગે છે. 'તેઝ' ના બાઈક ચેઝના દશ્ય તેણે જાતે ભજવ્યા છે અને આ માટે તેણે ત્રણ મહિનાની ટ્રેનિંગ પણ લીધી હતી એવું કહેવાય છે.*

*'લૈલા મૈં તો... લૈલા...' આઈટમ સૉન્ગમાં મલ્લિકા શેરાવત દેખાય છે. ફિલ્મના નિર્માતાઓ વિનસ કેસેટ્સ એન્ડ રેકૉર્ડસ વાળા રતન જૈન ફિલ્મના પ્રમોશન માટે એકાદ આઈટમ સૉન્ગ નાખવાના આગ્રહી હતા, જયારે દિગ્દર્શન પ્રિયદર્શન એવું માનતા હતા કે જરૂર વિના કયાંક પણ આઈટમ સૉન્ગ ઘુસાડવાથી ફિલ્મની ગતિ અવરોધાશે. એટલે દિગ્દર્શક કોઈ પણ આઈટમ સૉન્ગ નાખવાની તરફેણમાં ન હતા. આમ છતાં નિર્માતાએ દિગ્દર્શકની ગેરહાજરીમાં જ મલ્લિકા શેરાવતને લઈને ગીટ શૂટ કરી લીધું, અને આગ્રહપૂર્વક ફિલ્મમાં સમાવેશ પણ કરાવ્યો. આ ગીત દિગ્દર્શકની મરજીનું નહી. હોવાથી તે અસ્પૃશ્ય હોવાનો અહેસાસ પ્રેક્ષકોને પણ થયા વિના રહેતો નથી. મલ્લિકા શેરાવત હોવા છતાં આ આઈટમ નંબર 'તેઝ' નો સૌથી કૂલ પાર્ટ છે.*

*થિરૂ એસ.ની ફોટોગ્રાફી, સાબુ સિરિલની પ્રૉડકશન ડિઝાઈન્સ અને વિદેશી ટૅકનિશિયનોના સહયોગથી ભજવાયેલા દિલધડક દશ્યોથી ફિલ્મ સહન કરી શકાય એવી બની છે, જો કે સંવેદના સભર દશ્યો દિલ ધકડી ઉઠે એવાં નહીં હોવાથી પારિવારિક પ્રેક્ષકોને આ ફિલ્મ બહુ ગમે તેવી નથી. ગમે તેવી હોય, ફિલ્મ તો જોવી જ એવા રૂઢિચુસ્ત ફિલ્મ પ્રેક્ષકો આ ફિલ્મને સહન કરી લેશે. બાકી 'તેઝ' ચૂકી જવાય એવી ફિલ્મ તો નથી જ.*